PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

Since 1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

## ‘અમે ઉડીશું, ઉંચી ઉડાન માટે જરૂરી છે
## લગન; પાંખ સાથ ન આપે,
## તો પણ બાથમાં ભરીશું ગગન.’




"રાષ્ટ્રીય કિવઝ સ્પર્ધા" માં ભાગ,
લેશે આ દિવ્યાંગ બાળકો

પેજ નંબર
પાંચ ઉપર

અંક નં. 144/510 | 15 ડિસેમ્બર, 2024
Koshish Thi kamyabi | RNI No. GujGuj/2013/48176 | Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 | Monthly Date Of Publication : 15 December 2024 | Posted at 20th of every month at BHAV.RMS | Subscription Rs. 150 Per Year (12 Issue) | Total Page : 20

# K.L. બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર



માધ્યમિક શાળાના રમતવીરોને માનદ્ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાના હસ્તે સ્પોર્ટ્સ શૂઝનું વિતરણ



પ્રાથમિક શાળાના રમતવીરોને ખજાનચી શ્રી જીતુભાઈ શાહના હસ્તે સ્પોર્ટ્સ શૂઝનું વિતરણ.



શિક્ષક શ્રી અશોકભાઈ ખાટસુરિયાને વિદાય સન્માન



શિક્ષક શ્રી સેજલબેન મહેતાને વિદાય સન્માન



પ. રે. ના જનરલ મેનેજરની મુલાકાતે માનદ્ મંત્રીશ્રી

# કોશિશ થી કામયાબી

આ અંકમાં...

01. બહેરા-મૂંગા શાળા તસ્વીર સમાચાર 02
02. Index 03
03. વિકલાંગ આવાસ રિપેરીંગ યોજના 04
04. 'અમે ઉડીશું; ઉંચી ઉડાન માટે જરૂરી છે લગન, પાંખ સાથ ન આપે, તો પણ બાથમાં ભરીશું ગગન.' 05
05. નટરાજ સી.પી. સ્કૂલ 06
06. કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ 08
07. દિશા કમ વિકાસ પ્રોજેક્ટ 09
08. લાઈબ્રેરી 09
09. PNR હોસ્પિટલ 10
10. પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર 10
11. શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા પ્રાથમિક વિભાગ 11
12. શાહ ખી.લ. બહેરાં-મૂંગા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા 11
13. શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા 12
14. પી.આર.વી. વર્કશોપ 13
15. શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજ 14
16. શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ 15
17. 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા 16
18. દાતાઓની યાદી 17
19. PNR તસ્વીર સમાચાર 19

## ૩જી ડિસેમ્બર 'આંતર રાષ્ટ્રીય વિકલાંગ દિવસ'

સંયુકત રાષ્ટ્ર દ્વારા સન ૧૯૯૨ થી દર વર્ષે ૩જી ડિસેમ્બરે સમગ્ર વિશ્વમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ દિવ્યાંગ વ્યકિતઓના અધિકારો, એમની સમસ્યાઓ અને એમના યોગદાન પ્રત્યે જાગૃતતા વધારવા માટે ઉજવવામાં આવે છે.

ચાલુ વર્ષે યુનો દ્વારા આ દિવસની આ થીમ અપાય છે, **"Amplifying the leadership of people with disabilities for an inclusive and sustainable future"** જેનો અર્થ થાય છે કે, 'સમાવિષ્ટ અને પર્યાવરણને નુકશાન કર્યા વગર, પ્રાકૃતિક સાધનોના ઉપયોગથી ભવિષ્ય બનાવવા દિવ્યાંગોનું નેતૃત્વ વધારવું.'

મિત્રો, થોડી તકલીફમાં જયારે સામાન્ય વ્યક્તિ હારી જાય ત્યારે, તમામ ઉંમરના દિવ્યાંગો, પોતાનામાં રહેલી ખામીને ખૂબીમાં બદલીને, હિંમત અને હકારાત્મકતાથી જીવનના દરેક પડાવને પાર કરતા હોય છે, જેના અસંખ્ય દાખલાઓ આપણી સમક્ષ મોજૂદ છે.

દિવ્યાંગજનોને વિકાસની મુખ્ય ધારામાં સામેલ કરવા તથા તેનામાં રહેલ કૌશલ્યને વિકસાવવા અને એમના અધિકારોની રક્ષા માટે ભારત સરકારે દિવ્યાંગજન અધિકાર વિધેયક-૨૦૧૬ પસાર કર્યું હતું, તેમાં ૨૧ પ્રકારની દિવ્યાંગતાનો સમાવેશ કરેલો છે. પરંતુ અહિં યાદ રાખવું રહે કે, ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા લોકોને જ દિવ્યાંગ શ્રેણીમાં ગણવામાં આવે છે.

મિત્રો, **PNR** અને આપણી સંલગ્નિત સંસ્થાઓ વર્ષોથી દિવ્યાંગો માટે શિક્ષણ, તાલીમ, સારવાર અને પુનર્વસનનું કાર્ય સફળતાપૂર્વક કરી રહી છે અને આ દિવસની ઉજવણી પણ સેમિનાર-વેબિનાર, સાંસ્કૃતિક કાર્યક્રમો, જાગૃતતા અભિયાન, વ્યાખ્યાન, ચર્ચા, પ્રદર્શનો વિગેરે દ્વારા વિવિધ રીતે કરી રહ્યાં છે.

આ ૩જી ડિસેમ્બરે 'અંકુર' (મંદબુધ્ધિવાળા બાળકોની શાળા)માં આપણી વિવિધ સંસ્થાઓના સંયુકત ઉપક્રમે 'દિવ્યાંગ મતદાર જાગૃતિ' કાર્યક્રમનું સફળ આયોજન કર્યું હતું.

આજના દિવસે આપણે સૌ સંકલ્પ કરીએ કે, દિવ્યાંગોને આપણી સમકક્ષ સમજી, એમના સમાવેશી વિકાસ માટે પ્રોત્સાહિત કરીએ.

- કિરીટ રાઠોડ

**'The world as we have created, it is a process of our thinking. It can not be changed without changing our thinking.'**

**- Albert Einstein**

**Koshish Thi Kamyabi**
RNI No.GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/ BVR-414/2022-24, Monthly
- **અંક નં.144/511**
15 ડિસેમ્બર, 2024
- **પ્રકાશક : શ્રી ખી.લ. બહેરાઓની સંસ્થા**
51, વિદ્યાનગર, ભાવનગર - 364 002.
ફોન : (0278) 2429326, 2420836
મો. 9499661694 / 9499557977
**E-mail : info@pnrsocity.org**
**klinstitute.deaf@gmail.com**
**Visit us : www.pnrsocity.org**
**www.klinstitutedeaf.org**

- તંત્રી
**અનંત કે. શાહ**
- સહ તંત્રી
**અશ્વિન પંડ્યા**
**કિરીટ રાઠોડ**
- પ્રિન્ટીંગ
**ધર્મેશ પ્રિન્ટોરીયમ, અમદાવાદ**
- 'કોશિશ થી કામિયાબી' લવાજમ
**આજીવન રૂ.2500, વાર્ષિક રૂ.150**
- ચેક "શ્રી ખી.લ. બહેરા મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈનિંગ
**સાગર ચલાળિયા, ભાવનગર**
- સંપાદક મંડળ
**ફાલ્ગુની ખાટસુરિયા**
**ગજાનંદ ભટ્ટ**
**જ્યોતિ ભટ્ટી**
**આરિફ જેઠવા**
**પારસ શાહ**
**ભરત કનાડા**
**રાજેશભાઈ હકાણી**


- જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - **A-4**)

| | |
|---|---|
| બીજું ટાઈટલ પેજ-મલ્ટિ કલર : | રૂા.10,000 |
| ત્રીજું ટાઈટલ પેજ-મલ્ટિ કલર : | રૂા.10,000 |
| ચોથું ટાઈટલ પેજ-મલ્ટિ કલર : | રૂા.10,000 |
| ફુલ પેજ - સિંગલ કલર : | રૂા.5,000 |
| હાફ પેજ - સિંગલ કલર : | રૂા.2,500 |
| ક્વાર્ટર પેજ - સિંગલ કલર : | રૂા.1,500 |

# વિકલાંગ આવાસ રિપેરીંગ યોજના

## દીકરી માનીને અમેરિકાથી મોકલી સહાય




વંદનાબેન પગે વિકલાંગ હોવા છતાં ફેકટરીમાં પેકિંગ કામ કરવા જઈ દૈનિક રૂા. ૨૫૦ જેટલી રકમ કમાઈને પરિવારને આર્થિક રીતે સહયોગ આપે છે. ભાવનગરમાં ૨૦ થી ૨૫ વર્ષ જુના મકાનમાં પતિ અને બે દીકરી સાથે રહે છે. ઘરની આર્થિક પરિસ્થિતી નબળી અને ટૂંકી આવકના કારણે મકાનનું રિપેરીંગ કરાવી શકતા ન હતા. પી.એન.આર. સોસાયટીની **વિકલાંગ આવાસ રિપેરીંગ યોજના** અંતર્ગત તેમણે પોતાનું ઘર રિનોવેશન કરાવી આપવા માટે સંસ્થાને વિનંતી કરેલ. પ્રોજેકટ ઓફિસર શ્રી કૌશિકભાઈ પરમારે તેમના ઘરે રૂબરૂ મુલાકાત કરી, જુના મકાનના કારણે પડતી મુશ્કેલીઓની વિડીયોગ્રાફી કરી, કેસ સ્ટડી તૈયાર કરેલ. પી.એન.આર. સોસાયટીએ વંદનાબેનના મકાનની વિડીયોગ્રાફી અમેરિકા સ્થિત દાતા શ્રી હરેશભાઈ અનેશ્રી ભારતીબેન અજમેરા, શ્રી અરૂણભાઈ અને શ્રી ઉર્મીલાબેન કોઠારીને મોકલેલ. ઉદારદિલ દાતાઓના સંપૂર્ણ આર્થિક સહયોગથી, વંદનાબેનના ઘરની છત ઉપરના નવા પતરાં, પાંચ બારીઓના એલ્યુમિનીયમ સેકશનના નવા દરવાજા, નબળી પડી ગયેલી દીવાલો ઉપર પ્લાસ્ટર અને રંગરોગાન, ટોઈલેટ બાથરૂમનો દરવાજો, તેમજ મેઈનરૂમમાં ફલશડોર અને વોલટાઈલ્સ સાથેનું ઉભું રસોડું, કમ્પાઉન્ડ વોલની અધુરી દીવાલનું ચણતર, પ્લાસ્ટર, કલર, એક પંખો, ચાર ટયુબલાઈટ લગાડવી વગેરે રિનોવેશનનું કામ સંસ્થા દ્વારા કરાવી આપવામાં આવેલ છે. પી.એન.આર. સોસાયટીની આ વિકલાંગ આવાસ રિપેરીંગ યોજના અંતર્ગત વંદનાબેન ૧૩મા લાભાર્થી છે.

## વિકલાંગતાના અભિશાપને હળવો બનાવવા માટે :

ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના આધારભૂત અહેવાલ પ્રમાણે, સંપૂર્ણપણે પ્રજ્ઞાચક્ષુ વ્યકિત કરતા થોડું ઘણું પણ જોઈ શકતી વ્યકિત સમાજને વધારે ઉપયોગી થાય છે. અહીં આવી વ્યકિતઓને વધારે કામ સોંપીને તેમની કાર્યક્ષમતામાં વધારો કરવો જરૂરી જણાયો છે. તો આ દિશામાં કામ કરતા અંધજનોના સંઘે જણાવ્યું છે કે (ગુજરાત) રાજય સરકારને તેમના સંઘને માન્યતા આપવી જરૂરી છે. જેથી તેઓ તેમના પ્રશ્નોની સરખી રીતે રજૂઆત કરી શકે. આ અંગેની એક પિટીશન પણ અખિલ ગુજરાત નેત્રહીન પ્રાથમિક શિક્ષક સંઘ કે જેના ૨૪૦ જેટલા સભ્યો છે - તેણે ફાઈલ કરી છે. આ દિશામાં આ સંઘને માન્યતા આપીને રાજય સરકાર હકારાત્મક અભિગમ અપનાવે તે ખૂબજ જરૂરી છે. એવી જ માનસિકતા દૂર કરે તેવી યોગ-સાધનાની પણ તાતી જરૂર છે. મોટાભાગની માનસિક બિમારીઓ તનાવને લીધે સર્જાતી હોય છે ત્યારે ઊંડા શ્વાસ લેવા અને યોગ-સાધનાથી આ તનાવ હળવો થતો જોવા મળ્યો છે. આ માટે રાજયો અને સમસ્ત દેશમાં યોગ-સાધના કેન્દ્રો સ્થાપવાથી લોકોની જરૂરિયાત પૂરી થઈ શકે તે પણ વૈજ્ઞાનિક પધ્ધતિથી યોગ-સાધના થતી જોઈએ. મનોરોગીઓ માટે આ ખાસ જરૂરી છે.

**સૌજન્ય : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા**

**સંવાહક : પીયૂષ મુકુન્દ પારાશર્ય**

**M. 9825187007**

# ‘અમે ઉડીશું, ઉંચી ઉડાન માટે જરૂરી છે લગન; પાંખ સાથ ન આપે, તો પણ બાથમાં ભરીશું ગગન.’

## રાજ્યના સીમાડાઓ વળોટીને રાષ્ટ્રીય ક્વિઝ સ્પર્ધામાં ભાગ લેશે આ દિવ્યાંગ બાળકો



નાની-મોટી મુશ્કેલીઓ સહુની જિંદગીમાં પ્રશ્ન બનીને આવતી હોય છે, પરંતુ જો તેનો જવાબ મેળવતા, ઉકેલ શોધતા આવડે તો આ ક્વિઝ પણ સહેલી હોય છે. દિવ્યાંગતાને કારણે જિંદગીના અનેક પ્રશ્નો સામે લડતા ત્રણ બાળકોએ આ સમસ્યા સામે લડતા તો શીખી જ લીધું છે, સાથે રાજ્ય કક્ષાની ક્વિઝ સ્પર્ધામાં સિધ્ધિ મેળવી રાજ્યના પ્રતિનિધિ તરીકે રાષ્ટ્રીય સ્પર્ધામાં પસંદગી પામ્યાં છે.

ગાંધીનગર ખાતે **ઝોનલ લેવલની ક્વિઝેબલ ક્વિઝ સ્પર્ધા** યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગુજરાત અને મહારાષ્ટ્રમાંથી પસંદગી પામેલા દિવ્યાંગોને બોલાવવામાં આવ્યાં હતાં. પી.એન.આર. સોસાયટી-ભાવનગર સંચાલિત, મહુવા રિસોર્સ સેન્ટર તથા નટરાજ સી.પી. સ્કૂલના ચાર બાળકો પણ આ સ્પર્ધામાં ગયા હતાં. દિવ્યાંગ બાળકો વચ્ચે યોજાયેલી ક્વિઝ સ્પર્ધામાં સી.પી. વિભાગમાં, આ ચાર પૈકી પ્રથમ ક્રમે મલ્હાર ટાપણિયા તથા કૃણાલ આહિર દ્વિતીય ક્રમે વિજેતા થયા હતાં. જ્યારે મંદબુધ્ધિ વિભાગમાં કુ. દિયા ગોહિલ બીજા ક્રમે વિજેતા થયા હતાં. આ બાળકોને ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકી તથા વિશિષ્ટ શિક્ષક શ્રી કાર્તિકભાઈ વ્યાસે માર્ગદર્શન પૂરું પાડયું હતું.

સંસ્થાના માનદ મંત્રી અને સી.પી. વિભાગના ચેરમેન શ્રી કિરીટભાઈ રાઠોડે જણાવ્યું હતું કે, “જાન્યુઆરી-૨૦૨૫માં બેંગ્લોર ખાતે યોજાનાર, **નેશનલ ક્વિઝેબલ ક્વિઝ**માં આપણી સંસ્થાના આ ત્રણ દિવ્યાંગો, ગુજરાતના અન્ય દિવ્યાંગ બાળકોની સાથે રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે. સંસ્થામાં બાળકોના સર્વાંગી વિકાસ માટે જે પ્રવૃત્તિઓ થઈ રહી છે અને તેની અસર સ્વરૂપે આવા ઉત્તમ પરિણામ મળી રહ્યાં છે અને તે માટે બાળકોની મહેનત અને શિક્ષકો તથા થેરાપિસ્ટોની જહેમત અભિનંદનને પાત્ર છે.”

રાજ્ય સ્તરે સિધ્ધિ મેળવનાર સેરેબ્રલ પાલ્સીથી ગ્રસ્ત કૃણાલ આહિર કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલમાં નવમાં ધોરણમાં અભ્યાસ કરે છે અને સંગીતનો પણ શોખ ધરાવે છે. આ તરવરિયો તરૂણ શારીરિક મર્યાદાઓને ગણકાર્યા વગર સતત આગળ વધી રહ્યો છે. નેશનલ ક્વિઝ માટે પસંદગી પામનાર સી.પી. ગ્રસ્ત મલ્હાર ટાપણિયા સંસ્થાના મહુવા રિસોર્સ સેન્ટર સાથે જોડાયેલો છે. **સોશિયલ વર્ક**માં સ્નાતકનો અભ્યાસ કરી રહેલ આ યુવાન, વાંચન અને રમત ગમતમાં પણ રસ ધરાવે છે. અભ્યાસમાં પણ મલ્હાર સામાન્ય વિદ્યાર્થીઓની જેમ જ આગળ વધી રહ્યો છે. મંદબુધ્ધિ વિભાગમાં ઝોનલ કક્ષાએ બીજો ક્રમ પ્રાપ્ત કરનાર કુ. દિયા ગોહિલ, સંસ્થાના દિશા કમ વિકાસ પ્રોજેકટમાં તાલીમ અને સારવાર લઈ રહ્યાં છે. સ્લો-લર્નર ડિસેબિલિટી હોવા છતા પણ કુ. દિયા પોતાની ક્ષમતા મુજબ આગળ વધવામાં સહેજે પાછળ નથી.

## આર્ચર શીતલ દેવીની એશિયન પેરા ગેમ્સમાં અનોખી સિધ્ધિ



આર્ચર શીતલ દેવીની **એશિયન પેરા ગેમ્સ**માં અનોખી સિધ્ધિ છે જે એક જ સિઝનમાં બે ગોલ્ડ મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા બની હતી. જેણે મહિલા વ્યક્તિગત કમ્પાઉન્ડ કેટેગરીમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું. શીતલ દેવીની આ ભાવનાને સલામ કે જેઓ હાથ વગર, નિશાન પર સચોટ નિશાન તાકી, આ ભારતની દીકરીએ અનેરો ઈતિહાસ રચ્યો છે. જમ્મુ-કાશ્મીરની ૧૬ વર્ષની શીતલ તેના પગથી તીર મારે છે. અગાઉ તેણે કમ્પાઉન્ડ મિક્સ્ડ કેટેગરીમાં ગોલ્ડ અને મહિલા ડબલ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો. કિસ્તવાડના દૂરના વિસ્તારમાં એક સૈન્ય છાવણીમાં મળેલી શીતલને ભારતીય સેનાએ બાળપણમાં દત્તક લીધી હતી. જૂલાઈમાં, તેણીએ પેરા વર્લ્ડ તીરંદાજી ચેમ્પિયનશિપમાં સિંગપોરની અલીમ નૂર એસ. ને ૧૪૪.૧૪૨ના સ્કોર સાથે હરાવીને ગોલ્ડ જીત્યો છે.



# 'નટરાજ' મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



✍ વિભૂતિ વ્યાસ

## સી.પી. સેન્ટરમાં દિવાળી ઉજવણી

તા. ૨૨-૧૦ ના રોજ પી.એન.આર. સોસાયટી દ્વારા PNR હોસ્પિટલમાં ચાલતા સી.પી. સેન્ટર (અર્લી ઈન્ટરવેન્શન) માં દિવ્યાંગ બાળકો દ્વારા ઉત્સાહભેર દિવાળી પર્વની ઉજવણી ધામધૂમથી કરવામાં આવેલ. કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય મહેમાન PNR હોસ્પિટલના ચેરમેન શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી ચલાળિયા સાહેબ, ડો. પાયલબેન અરોરા તથા શ્રી જીજ્ઞાબેન સોલંકીના વરદ્ હસ્તે દિવ્યાંગ બાળકોને ઈનામ, ફટાકડા તથા દિવાળી મિઠાઈઓનું વિતરણ કરવામાં આવેલ, સાથે સી.પી. સેન્ટર દ્વારા, દિવાળી નિમીત્તે વાલીશ્રીઓ માટે ખાસ **રંગોળી સ્પર્ધા**નું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૫ દિવ્યાંગ બાળકોની માતાઓએ ઉત્સાહભેર ભાગ લઈ, અવનવી ડિઝાઈનની રંગોળી દોરેલ, જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમ પ્રાપ્ત કરનાર વિજેતાઓને પણ મહેમાનશ્રીઓના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ. કાર્યક્રમનું આયોજન સી.પી. સેન્ટરના સમગ્ર સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

## અર્ધ વાર્ષિક વાલી મિટીંગ



તા. ૨૫-૧૦ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ, કે.એન.શાહ ઓટિઝમ પ્રોજેક્ટની અર્ધ વાર્ષિક વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડની ઉપસ્થિતિમાં મિટીંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા શાળા પરિચય કરાવવામાં આવેલ, સાથે વિવેકાનંદ હોમિયોપેથી કોલેજ,ભાવનગરના ડો. પૂનમબેન, ડો. ધવલભાઈ દ્વારા, સી.પી. બાળકોમાં હોમિયોપેથી સારવાર કઈ રીતે ઉપયોગી નિવડે ? તેના વિશે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં સી.પી. સ્કૂલમાંથી શ્રી જ્યોતિબેન પરમાર, દિશા કમ વિકાસ પ્રોજેક્ટમાંથી શ્રી જતીનભાઈ કોઠારી અને કે.એન.શાહ ઓટિઝમ પ્રોજેક્ટ માંથી ડો. પ્રવિણ દેશમુખ દ્વારા, સત્ર દરમ્યાન થતી વિવિધ પ્રવૃત્તિઓની ઝાંખી કરાવવામાં આવેલ. દાતાશ્રી બકુલભાઈ બંસલ અને બંસલ ગૃપ તરફથી દિવાળીની શુભેચ્છા મિઠાઈનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ મિટીંગમા બહોળી સંખ્યામાં વાલીઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન શ્રી વિભૂતીબેન વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું.

## તિથિ ભોજન



તા. ૧૮-૧૦ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલના મદદનીશ શિક્ષક શ્રી તૃપ્તિબેન કિરીટભાઈ મહેતાના પિતાશ્રી સ્વ. કિરીટભાઈ કાંતિલાલ મહેતાની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ તથા ઓટિઝમ સ્કૂલના બાળકોને પુરી, રોટલી, ઊંધીયુ, પનીરભુર્જી, લાઈવ ભજીયા, રાજભોગ મઠ્ઠો, જીરા-રાઈસ, દાલ તથા છાસ, પાપડ, સલાડનો સ્વાદિષ્ટ જમણવાર કરાવવામાં આવેલ. દિવ્યાંગ બાળકોએ ઉત્તમ ભોજન કરી પ્રસન્નતા વ્યકત કરેલ.

## ભારત વિકાસ સપ્તાહની ઉજવણી



તા. ૧૦-૧૦ થી ૧૬-૧૦ સુધી **ભારત વિકાસ સપ્તાહ** અંતર્ગત ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીનાં માર્ગદર્શન હેઠળ તા. ૧૦-૧૦ ના રોજ ચિત્ર અને રંગ પૂર્ણિની પ્રવૃત્તિ કરાવવામાં આવેલ, જેમાં સી.પી. સ્કૂલ અને એડમિન વિભાગના સ્ટાફ દ્વારા ભાગ લેનાર ૩૦ સી.પી. બાળકોને પર્યાવરણ જાગૃતિ અંગેની થીમ આધારીત ચિત્રો દોરવા અને રંગ પૂરાવવાની પ્રવૃત્તિ શીખવવામાં આવેલ. તા. ૧૧-૧૦ના રોજ ભારત વિકાસ સપ્તાહ અંતર્ગત સી.પી. સ્કૂલનાં સેરેબ્રલ પાલ્સી સ્થિતી ધરાવતા ૨૦ વિદ્યાર્થીઓએ પોતાની શારીરિક ક્ષમતા અનુસાર મદદનીશ શિક્ષકોના માર્ગદર્શન નીચે ધો- ૧ થી ૮ વર્ગના વિદ્યાર્થીઓએ, વિવિધ

વસ્તુઓના ઉપયોગ વડે બેરીયર ફ્રી શાળા સંકુલમાં રંગોળી બનાવી, ભારત વિકાસ સપ્તાહની ઉજવણીમાં ભાગ લીધેલ. તા. ૧૪-૧૦ ના રોજ ભારત વિકાસ સપ્તાહ અંતર્ગત **નિબંધ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવેલ. જેમાં ધો ૧-૮ના હાયર એબિલિટી ધરાવતા ૮ સી.પી.વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. તા. ૧૫-૧૦ ના રોજ ભારત વિકાસ સપ્તાહ અંતર્ગત **વક્તૃત્વ સ્પર્ધા**નું આયોજન કરેલ જેમાં 'કૃષિ-વિકાસ', 'મારા પ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી', 'મારો વિકાસ, દેશનો વિકાસ', 'વિકસીત બાળક-વિકસીત ભારત','શિક્ષીત સમાજ-વિકસીત ભારતનો આધાર' અને 'વિકસીત ભારતનો આધાર, મારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી' વગેરે જેવા વિષયો પર સેરેબ્રલ પાલ્સી સ્થિતી ધરાવતા ઉચ્ચ ક્ષમતા મુજબના ૭ વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાના વિચાર રજૂ કર્યા હતા.

### જનરલ સ્ટાફ મિટીંગ

સી.પી. ડિપાર્ટમેન્ટ, જેમાં નટરાજ સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેકટ અને શ્રી કે.એન.શાહ. ઓટિઝમ પ્રોજેકટની જનરલ સ્ટાફ મિટીંગનું સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ અને આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકીના અધ્યક્ષ સ્થાને આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સામાન્ય સુચનાની સાથે આગામી કાર્યક્રમો, કેમ્પ, સેમિનાર, તાલીમ વગેરેની માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સી.પી., એમ.ડી., ઈન્ટેલેકચ્યુઅલ ડિસેબિલિટી, ઓટિઝમ બાળકોના સર્વાંગી વિકાસ અને પુનઃસ્થાપન માટે સફળ પ્રયત્નોથી લઈ, હરળફાળ સફળતા સુધીની કેડી કેવી રીતે કંડારવી ? તેનું માર્ગદર્શન સાથે, વર્ગમાં મૂંઝવતા પ્રશ્નોનું અસરકારક સમાધાન આપાવામાં આવ્યું હતું. આ જનરલ સ્ટાફ મિટીંગ સમગ્ર સ્ટાફમાં નવી ઉર્જાનું કામ કરે છે.

### એકિઝબિશન કમ સેલ - ૧

શાળામાં દિવ્યાંગ બાળકો માટે સારવાર, માવજત, હૂંફ જેટલી જરૂરી છે, તેટલું જ જરૂરી છે કૌશલ્ય અને શિક્ષણ. પોતાની ક્ષમતા મુજબ તે પગભર થાય તે માટે આવશ્યક હોય છે. PNRને વોકેશનલ એકિટવિટી ડિપાર્ટમેન્ટ આ કામ કરી રહયું છે. આ સેન્ટરમાં સી.પી., ઓટિઝમ, મલ્ટીપલ ડિસેબલ્ડ વિ. દિવ્યાંગ બાળકો વિવિધ ચીજવસ્તુઓ બનાવે છે. આ બાળકો એકિટવિટી સેન્ટરમાં હેન્ડમેડ, ઓર્ગેનિક સાબુ, પરફયુમ, અગરબતી, ધુપ સ્ટીક, હેગિંગ કોડિયા, ચોકલેટ વગેરે બનાવે છે. જેનુ વેચાણ કમ પ્રદર્શન તા. ૨૯-૯ ના રોજ શ્રીમતી અંબિકાબેન ટેકરીવાલના સૌજન્યથી અગ્રવાલ સમાજમાં રાખવામાં આવેલ હતું. જેમાં સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, હોસ્પિટલ કમિટી ચેરમેન શ્રી મહાસુખભાઈ જકડિયા અને બહેરાં-મૂંગા શાળાના ટ્રેઝરર શ્રી જીતુભાઈ શાહે પ્રોત્સાહક હાજરી આપી હતી.

### એકિઝબિશન કમ સેલ - ૨




તા. ૧૯-૨૦ ઓકટો. ના રોજ ઈસ્કોન કલબ ખાતે શ્રીમતી અંબિકાબેન ટેકરીવાલના સૌજન્યથી યોજાયેલ આ એકિઝબિશનમાં આપણી સંસ્થાના દિવ્યાંગ બાળકો દ્વારા બનાવેલ વિવિધ પ્રકારની વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ માટે સ્ટોલ ગોઠવવામાં આવ્યો હતો. જેમાં શ્રી શિતલબેન દવે, શ્રી રીનાબેન વસોયા, શ્રી દિપ્તીબેન રાજયગુરૂ અને શ્રી ગાયત્રીબા ઝાલાએ સંસ્થામાં દિવ્યાંગ બાળકો દ્વારા બનાવેલ વિવિધ વસ્તુઓનું વેચાણ અને પ્રદર્શન માટે જહેમત ઉઠાવેલી હતી. આ પ્રસંગે સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી હર્ષકાન્તભાઈ રાખશિયા તથા સી.પી. સ્કૂલના આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીએ પ્રોત્સાહક હાજરી આપી હતી.

## એક પ્રજ્ઞાચક્ષુ મહિલાનો ભગીરથ પ્રયાસ

ભાવનગર શહેરમાં રહેતા સુશ્રી વિરલબેન રાઠોડ જે ૧૦૦ ટકા પ્રજ્ઞાચક્ષુ છે, પણ આ મર્યાદા સાથે પણ પગભર થવા માટે તેઓ ઘરે બેઠાં ઈશ્વરને માટે દીવા કરવા માટે **વાટો** બનાવે છે અને તેમણે જાહેર અનુરોધ કરીને લોકોને સહકાર આપવા જણાવ્યું છે. તેઓનો મોબાઈલ નંબર : ૯૪૨૮૬૫૩૫૦૮ છે, વિકલાંગોને મદદરૂપ થાય છે તેવા આપણા ભાવનગરના શ્રી નિશીથભાઈ મહેતા, આ મહિલાને તેના પ્રયાસમાં નમ્રતાથી મદદ કરી રહયાં છે.


**સંવાહક : પીયૂષ મુકુન્દ પારાશર્ય**
**M. 9825187007**

## દિવ્યાંગ મહિલા સુશ્રી હર્ષા ઉપાધ્યાય કૌન બનેગા કરોડપતિમાં જીતે છે. રૂા. ૧૨,૫૦,૦૦૦/-

શારીરિક રીતે વિકલાંગતા ધરાવતી મહિલા પણ બુધ્ધિ સંપદામાં ખૂબજ સમૃધ્ધ તેવા અમદાવાદ ગુજરાતની ભદ્ર મહિલા સુશ્રી હર્ષા ઉપાધ્યાયે તા. ૨૩-૧૦-૨૦૨૪, બુધવારના ''કૌન બનેગા કરોડપતિ'' ના એપિસોડમાં રૂા. ૧૨,૫૦,૦૦૦/- જેવી માતબર રકમ જીતીને એક સરસ ઘટના વિશ્વની સામે મૂકી છે. દરેક ગુજરાતીને ગર્વ થાય તેવી આ મહત્વની વાત છે. ધન્યવાદ.

**સંવાહક : પીયૂષ મુકુન્દ પારાશર્ય**
**M. 9825187007**

# કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ



✍ ધીરુભાઈ ધંધુકિયા

## ગુજરાતની વિકાસ યાત્રાના ભાગરૂપે 'વિકાસ સપ્તાહ' અંતર્ગત નિબંધ અને વકૃત્વ સ્પર્ધા

સ્કૂલમાં ગુજરાતની વિકાસ યાત્રાને અવિરત ચાલુ રાખી 'નાગરિક પ્રથમ અભિગમ' સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના પગલાના ભાગરૂપે 'વિકાસ સપ્તાહ' ની ઉજવણી અંતર્ગત તા. ૧૦-૧૦ ના રોજ **નિબંધ અને વકૃત્વ સ્પર્ધા** નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ગુજરાતની વિકાસ યાત્રા પર પોતાના વિચારો રજૂ કર્યાં હતાં. આ કાર્યક્રમની ઉજવણીનો મુખ્ય હેતુ ગુજરાતે ઉત્તરોત્તર કેટલી પ્રગતિ કરી છે ? તે વિદ્યાર્થીઓને માહિતી પ્રાપ્ત થાય.

## વિકાસ સપ્તાહ અંતર્ગત ક્વિઝ કોમ્પિટિશન

આ સ્કૂલમાં 'વિકાસ સપ્તાહ' ની ઉજવણી અંતર્ગત તા.૧૦-૧૦ ના રોજ **'ક્વિઝ કોમ્પિટિશન'** નું આયોજન, ગુજરાતની વિકાસ યાત્રાને કેન્દ્રમાં રાખીને કરવામાં આવ્યું હતું. ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પોતાની સમજશક્તિ પ્રમાણે જવાબ આપ્યાં હતાં, તેમજ વિદ્યાર્થીમાં રહેલી બુધ્ધિ પ્રતિભાને આ સ્પર્ધાથી બહાર લાવી શકાય છે.

## 'વિકાસ સપ્તાહ' અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ અને ઐતિહાસિક સ્થળો અંગે પ્રવચન

આ સ્કૂલમાં 'વિકાસ સપ્તાહ' ની ઉજવણી અંતર્ગત તા.૧૧-૧૦ ના રોજ **'સાંસ્કૃતિક કાર્યક્રમ'** અને **'ઐતિહાસિક સ્થળોનું પ્રવચન'** નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં 'વિકાસ ગાથા' સોંગ પર વિદ્યાર્થીઓએ ડાન્સ રજૂ કર્યો હતો. તેમજ ગુજરાતના ઐતિહાસિક સ્થળો જેવા કે સ્ટેચ્યુ ઓફ યુનિટી, દ્વારકાધીશ મંદિર, મોઢેરા સૂર્ય મંદિર, રાણીની વાવ અને સોમનાથ મંદિર વિશેની માહિતી બાળકોને આપવામાં આવી હતી.

## 'જાગો ગ્રાહક જાગો' અંતર્ગત નાટક

આ સ્કૂલમાં તા. ૧૫-૧૦ ના રોજ **'જાગો ગ્રાહક જાગો'** અંતર્ગત નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો. ૫ થી ૮ ના બાળકો, શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકો હાજર રહ્યાં હતાં. શાળાના આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીઓને ગ્રાહક જાગૃત્તિ વિશે વિશેષ માહિતી આપવામાં આવી હતી. જેમાં ગ્રાહક કોને કહેવાય ? તેમજ કઈ કઈ બાબતની સાવચેતી રાખવી ?, ગ્રાહક સાથે થતી છેતરપિંડી તથા તેની સામે યોગ્ય પગલા લેવા, ફૂડ પેકેટની ઉત્પાદન તારીખ, અંતિમ તારીખ, ગુણવત્તા, કોન્ટિટી, ફૂડ પેકેટમાં વપરાયેલ ઘટકોનું પ્રમાણ સ્વાસ્થ્ય માટે યોગ્ય છે કે નહીં ?, કંઈ પણ વસ્તુની ખરીદી પર બિલ લેવુ તે કેટલું આવશ્યક છે ? વગેરે બાબતોથી વિદ્યાર્થીઓને અવગત કરવામાં આવ્યાં હતાં. આ નાટકમાં ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા 'જાગો ગ્રાહક જાગો', "Consumer Protection Consumer Righhts" જેવા સુંદર સૂત્રો બોલવામાં આવ્યાં હતાં.

## નવરાત્રિ પર્વની ઉજવણી



આસ્કૂલમાં **નવરાત્રિ પર્વની ઉજવણી** અંતર્ગત તા. ૧૧-૧૦ ના રોજ 'ગરબા મહોત્સવ' નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ગરબા, ટ્રેડિશનલ ડ્રેસ અને આરતી થાળી ડેકોરેશન જેવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. તેમાં બાલમંદિર તેમજ ધો. ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લીધો હતો. બાળકોએ માતાજીના ગરબા રમીને વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. ગરબા રમ્યાં બાદ, ગરબા અને ટ્રેડિશનલ ડ્રેસ કોમ્પિટિશનમાં એકથી ત્રણ નંબર પ્રાપ્ત કરેલ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.


## 'દિવાળી પર્વ' ની ઉજવણી



આ સ્કૂલમાં તા. ૧૯-૧૦ ના રોજ 'દિવાળી પર્વ' ની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ. જેમાં બાલમંદિર તેમજ ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ ફ્રી યુનિફોર્મમમાં આવ્યાં હતાં. તેમજ બાળકો દ્વારા કોડિયા ડેકોરેશન, દિવાળી કાર્ડ અને અવનવી રંગોળી બનાવવામાં આવેલ. આ ઉપરાંત દિવાળી પર્વ શા માટે ઉજવાય છે ? તેની સમજણ પણ આપવામાં આવેલ. દરેક વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક દિવાળી સેલિબ્રેશની મજા માણી હતી.

**નોંધ :** ઉપરોક્ત તમામ કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા અને શ્રી દક્ષાબેનના માર્ગદર્શન હેઠળ દરેક શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું.

# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ
# દિવ્યાંગો માટે આશા કિરણ



✍ અમિત મિત્રા

## વોકેશનલ એક્ટિવિટી :

પી.એન.આર. સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી દ્વારા ચલાવવામાં આવતા દિશા કમ વિકાસ પ્રોજેક્ટ દ્વારા, બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત સપ્ટેમ્બર માસ દરમ્યાન બાળકોને પ્રિ-વોકેશનલ અક્ટિવિટીમાં વિવિધ સુગંધ અને કદના **સુગંધિત સ્પ્રેનું પેકિંગ કરતા, કોડિયાને કલર અને ડેકોરેશન કરતા, પાંવભાજી મસાલો પેકિંગ કરતા, અગરબત્તી અને ધુપસ્ટિક સ્ટીકર લગાવતા અને પેકિંગ** કરતા બાળકોને શીખવવામાં આવ્યું હતું.

## લોકલ પ્રોજેક્ટ કમિટી મિટીંગ :

તા. ૧૮-૧૦ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટની મિટીંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચેના મુદ્દા અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. પ્રોજેક્ટ અંતર્ગત તા. ૨૧-૧૦ વિદ્યાર્થીઓની સંત્રાત પરીક્ષા લેવા બાબત, દિવાળી સેલિબ્રેશન કરવા બાબત, પ્રોજેક્ટના જે વિદ્યાર્થીઓને **સ્વાસ્થ્ય સંજીવની કાર્ડ** માટેના ફોર્મ ભરવાના બાકી છે તેમના ફોર્મ ભરવા બાબત માહિતી આપવામાં આવી હતી.



# સકસેસ સ્ટોરી



**બાળકનું નામ :-** તમન્ના મુસાજી શેખ
**ઉંમર :-** ૦૬ વર્ષ
**સમસ્યા :-** મલ્ટીપલ ડિસેબિલિટી (૭૫%)
**શિક્ષકનું નામ :-** હર્ષાબેન કે. પાડલીયા

### સારવાર પહેલાં

જયારે બાળકી દિશા કમ વિકાસ પ્રોજેકટમાં આવી, ત્યારે અતીશય ચંચળ હતી. મમ્મી વગર વર્ગની અંદર બેસતી ન હતી, કોઈ પ્રવૃત્તિ જાતે કરતી નહિ, જાતે જમવું નહિ, પોતાના કપડા જાતે પહેરતી નહિ. પોતાની સામાન્ય દૈનિક ક્રિયા કરવા માટે પણ તે અક્ષમ હતી.

### સારવાર બાદ

ટ્રેનિંગ બાદ બાળકી પ્રજેકટના સમય દરમ્યાન માતા વગર લાંબા સમય સુધી બેસી પ્રવૃત્તિ કરતા શીખી ગઈ છે. જેમકે જાતે જમતા, પોતાનો લંચ બોક્ષ ખોલતા, કપડા જાતે પહેરતા અને કાઢતા શીખી છે. પોતાની જરૂરિયાતની માંગ પણ કરે છે, બોલે છે, ટોઈલેટ ટ્રેઈન થઈ ગઈ છે. તે જાતે ટોયલેટ સુધી જાય છે. રોજીંદા જીવનની ક્રિયામાં એ.ડી.એલ. શિક્ષણ દ્વારા ખૂબજ સુધારો જોવા મળે છે.

# લાઈબ્રેરી
## યુવક સંમેલન, મુંબઈ



✍ છાયા જોશી

**સંસ્થાની નટરાજ લાઈબ્રેરીમાં નવેમ્બર મહિના દરમ્યાન નવા આવેલ પુસ્તકો :**

| ક્રમ | પુસ્તકનું નામ | પ્રકાર |
|---|---|---|
| ૧ | પ્રવાહ પલટાયો | સસ્પેન્સ નવલકથા |
| ૨ | શેષ વિશેષ | સસ્પેન્સ નવલકથા |
| ૩ | ભેદ ભરમ | સસ્પેન્સ નવલકથા |
| ૪ | લય પ્રલય | સસ્પેન્સ નવલકથા |
| ૫ | કર્ણલોક | નવલકથા |
| ૬ | અકુપાર | નવલકથા |
| ૭ | અતરાપી | નવલકથા |
| ૮ | તિમિરપંથી | નવલકથા |
| ૯ | કસબ | નવલકથા |
| ૧૦ | આયનો | નવલકથા |
| ૧૧ | ઓથાર | નવલકથા |
| ૧૨ | સમયની આરપાર | મહાભારતની અજાણી કથાઓ દ્વારા જીવનના પ્રશ્નોના ઉકેલ |
| ૧૩ | માનવતાની મશાલ | સૃષ્ટિના સર્જહારોના વિજયની અનોખી અજાણી કથાઓ |
| ૧૪ | માણસાઈની થાપણ | મારી તમારી હૃદય સ્પર્શી વાતો |
| ૧૫ | મારે તો ચાંદો જોઈએ | બાળ વાર્તા |
| ૧૬ | પવિત્રતાના પાયા પર | આજની સ્ત્રીના સંઘર્ષની સંવેદનશીલ કથા |
| ૧૭ | ઓક્સિજન | નવલકથા |
| ૧૮ | ખોવાયેલા શહેરની શોધમાં | નવલકથા |
| ૧૯ | હીરાનો ખજાનો | નવલકથા |
| ૨૦ | બર્મુડા ટ્રાએંગલ | નવલકથા |
| ૨૧ | ૨ સ્ટેટ | નવલકથા |
| ૨૨ | ૩ મિસટેક્સ ઓફ માય લાઈફ | નવલકથા |
| ૨૩ | સાત પગલાં આકાશમાં | સ્ત્રીની યાત્રા કારાગારથી કૈલાશ સુધી |
| ૨૪ | મરો ત્યાં સુધી જીવો | હેલ્ધી જીવન જીવવા માટેની પ્રેરણા આપતું પુસ્તક |
| ૨૫ | ધ હીડન હિન્દુ | નવલકથા |
| ૨૬ | મર્ડર મિસ્ટ્રી | સસ્પેન્સ થ્રીલર |
| ૨૭ | હુ ઈઝ ધ કીલર | સસ્પેન્સ થ્રીલર |
| ૨૮ | ડેથ ઓન ધ નાઈલ | સસ્પેન્સ થ્રીલર |
| ૨૯ | કૃષ્ણાવતર | નવલકથા |
| ૩૦ | મૌનરાગ | નવલકથા |
| ૩૧ | લીલું સગપણ લોહીનું | નવલકથા |
| ૩૨ | સર્ચ લાઈટ | નવલકથા |
| ૩૩ | મધ્ય બિંદુ | નવલકથા |
| ૩૪ | સિંફની ઓફ સાયલન્સ | નવલકથા |

# PNR હોસ્પિટલ



**ઓક્ટોબર 2024 દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

✍ મહાસુખભાઈ જકડિયા

| વિભાગ | તપાસેલ દર્દીની | પ્રોસિજર | ઓપરેશન સંખ્યા |
|---|---|---|---|
| • ઓર્થોપેડિક | ૧૭૮ | ૧૧૨ | ૦૨ |
| • આંખ | ૯૦૦ | - | ૧૯૯ |
| • છારી | ૪૨ | - | - |
| • ઈ.એન.ટી. | ૩૭૪ | ૧૮૭ | ૦૨ |
| • હેર ટ્રાન્સપ્લાન્ટ | ૧૭ | - | ૦૫ |
| • આર્થોસ્કોપી | ૨૫ | - | - |
| • ડેન્ટલ | ૧૨૯ | ૧૬૫ | - |
| • લેબોરેટરી | ૨૫૫ | ૮૫૦ (ટેસ્ટ) | - |
| • પીડિયાટ્રિક ડેન્ટલ | ૦૧ | ૦૨ | - |
| • ચામડી | ૪૩ | ૦૧ | - |
| • પ્લાસ્ટિક સર્જરી | ૧૯ | - | ૦૭ |

| વિભાગ | તપાસેલ દર્દીની |
|---|---|
| • જનરલ ઓપીડી | ૫૪૮ |
| • એક્ષ-રે | ૯૦ |
| • આંખના પડદા | ૨૫ |
| • M. D. ફિઝીશ્યન | ૧૩ |

- આ માસ દરમિયાન આપણી હોસ્પિટલમાં કુલ **૩૩૬૩** દર્દીઓએ સારવારનો લાભ લીધો હતો.
- આ મહિનામાં સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૧૧૪** લાભાર્થીઓએ **રૂા. ૧૩,૬૯૫/-** ની સહાય મેળવેલ છે તથા મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૦૮** લાભાર્થીઓએ **રૂા. ૨,૦૪૫/-** ની સહાય મેળવેલ છે.

# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર



✍ જીજ્ઞેશ પારેખ

### 1. પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :

તા. ૧ થી ૬ ઓકટોબર ’૨૪ ના રોજ કોન્જીનીટલ ડિફોરમિટી પ્રોજેક્ટ અન્વયે, પ્લાસ્ટિક સર્જરી કેમ્પ નું આયોજન, દાતાશ્રી **LKP FINANCE LTD., MUMBAI** ના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ ૧૯ બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી ૩ કપાયેલાં હોઠ, ૨ તાળવામાં કાણું અને ૨ હાઈપોસ્પેડિયા એમ કુલ ૦૭ ઓપરેશન કર્યા હતાં. આ કેમ્પ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા અને ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલના નર્સિંગ સ્ટાફની જહેમતથી સફતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

### 2. ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-યુ.કે. ડેફનેસ બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ :

સંસ્થા દ્વારા પ્રવીણચંદ્ર દલાલ ડિસેબલ્ડ પ્રિવેન્શન સેન્ટરમાં વર્ષ ૨૦૨૪-’૨૫ માં, ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-યુ.કે. ના આર્થિક સહયોગથી આ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટમાં વર્ષ દરમિયાન એક લાખ બાળકોની આંખ અને કાનની પ્રાથમિક તપાસ કરી, રિફ્રેક્ટિવ એરરવાળા બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ, તેમજ ત્રાંસી આંખ, ઢળેલી પાંપણ, બાળ મોતિયો, તેમજ કાનમાં ઈયર ડિસ્ચાર્જવાળા બાળકોને, ડોક્ટર દ્વારા નિદાન કરી, તેની સારવાર (સર્જરી) વિનામૂલ્યે કરી આપવામાં આવશે.



ઓકટોબર ’૨૪ દરમિયાન ભાવનગર જિલ્લાના, પાલિતાણા તાલુકાની પ્રાથમિક વિભાગની વિવિધ શાળાઓમાં બાળકોનું પ્રાઈમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું, તેમાંથી રિફ્રેક્ટિવ એરરવાળા ૩૮૫ બાળકોને ચશ્માની જરૂરિયાત હોય, સંસ્થા દ્વારા બનાવી વિતરણ કરવામાં આવ્યાં હતાં અને કાનની વિવિધ તકલીફવાળા ૨૨૪ બાળકો જોવા મળ્યાં હતાં, તે પૈકી વધારાની ટ્રીટમેન્ટ માટે PNR હોસ્પિટલમાં કાનના નિદાન સારવાર માટે રિફર કર્યા, તેમાંથી સંસ્થાની હોસ્પિટલમાં ડૉ. અશોકભાઈ બારૈયા (ENT સર્જન) Tympanoplasty અને Mastoidectomy With Tympanoplasty દ્વારા ૦૫ સર્જરી સફળતાપૂર્વક કરી આપવામાં આવી હતી.



# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા
## પ્રાથમિક વિભાગ

✍ ગજાનંદભાઈ ભટ્ટ



### વાલી સભા

શાળામાં તા. ૨૯-૧૦ ના રોજ પ્રથમ સત્રની વાલી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. વાલી સભાનું સંકલન પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાએ કર્યું હતું. તેઓએ ઉપસ્થિત વાલીઓને વેકેશનમાં બાળકોનું જુદી-જુદી જગ્યાએ, જુદા-જુદા સાધનોથી પરિચિત કરાવવા વગેરે વિશે માહિતી આપી હતી. તેમજ પ્રથમ સત્રમાં થયેલ પ્રવૃત્તિના વિડીયો વિશે માહિતી આપી હતી. શાળામાં થતી વિવિધ પ્રવૃત્તિઓથી વાલીઓને અવગત કર્યા હતાં.

# શ્રીમતી મહાલક્ષ્મીબહેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા

✍ જ્યોતિબેન ભટ્ટી



### ‘દિવાળી ગ્રિટીંગ્સ’

શાળામાં તા. ૨૪-૧૦ ના રોજ માધ્યમિક શાળાના તમામ વિદ્યાર્થીઓ પત્ર વ્યવહારનું જ્ઞાન પ્રાપ્ત કરે તેવા હેતુથી, દરેક વિદ્યાર્થીઓના ઘરે દિવાળીની શુભેચ્છાના પોસ્ટ કાર્ડ મોકલવામાં આવેલ. દરેક વિદ્યાર્થીઓએ પોસ્ટ કાર્ડમાં નામ-સરનામુ લખ્યું અને સુંદર મજાના ડ્રોઈંગ સાથે ‘Happy New Year’ ની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. માધ્યમિક શાળાના વોકેશનલ ટ્રેનર શ્રી ઉજવલાબેન વ્યાસ અને વિદ્યાર્થીઓએ આ કાર્ય પૂર્ણ કર્યું હતું. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ સર્વોને શુભેચ્છા પાઠવી હતી.

### ‘ધો. ૧૦-૧૨ બોર્ડ પરીક્ષાનું આયોજન’

શાળામાં તા. ૨૪-૧૦ ના રોજ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ ધો. ૧૦ અને ધો. ૧૨ બોર્ડની પરીક્ષામાં ૧૦૦% સફળતા પ્રાપ્ત કરે તે માટે શિક્ષકો અને આચાર્યશ્રી દ્વારા દ્વિતીય સત્રના પ્રથમ દિવસથી બોર્ડ પરીક્ષા સુધીનું લેખિત દૈનિક આયોજન તૈયાર કરી, દરેક વિદ્યાર્થીઓ અને વાલીઓને આપવામાં આવેલ. તેમજ તે અંગેની વિશેષ સમજ પણ આપવામાં આવેલ. ધો. ૧૦-૧૨ ની પરીક્ષા સંદર્ભે સમયાંતરે વિવિધ ટેસ્ટ વગેરેનું આયોજન કરેલ છે. શાળાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના તમામ શિક્ષકો દ્વારા આ અંગેનું માઈક્રોપ્લાનિંગ તૈયાર કરેલ છે.

### ‘રંગોળી અને શાળા સુશોભન’

શાળામાં તા. ૨૫-૧૦ ના રોજ વિક્રમ સંવત-૨૦૮૧ ના વધામણા સસ્વરૂપે માધ્યમિક શાળાના મૂક-બધિર વિદ્યાર્થીઓએ પોતાના



વર્ગનું સુશોભન કરેલ, તેમજ મનમોહક રંગોળીઓ પોતાના વર્ગની બહાર લોબીમાં તૈયાર કરવામાં આવી હતી. વાલીઓ-વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો બધા જ ખૂબ જ આનંદિત થયા હતાં.

રંગોળી અને સુશોભિત પ્રોજેક્ટમાં માર્ગદર્શક શિક્ષકો બેન શ્રી અનુપાબેન શાહ, શ્રી જયોતિબેન બારૈયા અને ધો. ૯ થી ૧૧ ની દીકરીઓ હતી. શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવેના માર્ગદર્શનથી આ પ્રોજેક્ટ કરવામાં આવ્યો. ટ્રસ્ટીશ્રીઓએ પણ અભિનંદન પાઠવ્યાં હતાં.

### ‘વિદ્યાર્થી-વાલી-શિક્ષક મિટીંગ’

શાળામાં માધ્યમિક શાળાના પ્રથમ સત્રના અંતે તા. ૨૯-૧૦ ના રોજ **વિદ્યાર્થી-વાલી-શિક્ષકની વન ટુ વન મિટીંગ** રાખવામાં આવેલ. જેમાં દરેક વર્ગ શિક્ષક અને વિષય શિક્ષકે વિદ્યાર્થીઓના વાલી સાથે બાળકના શિક્ષણ-સંસ્કાર અને શિસ્ત અંગેની ચર્ચા કરેલ. વિદ્યાર્થીઓમાં ઉચ્ચ સંસ્કાર, શિસ્ત અને શિક્ષણ પ્રત્યે જાગૃતતા વધારવા **વન ટુ વન મિટીંગ**નું આયોજન કરેલ. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે અને સમગ્ર માધ્યમિક શાળાના શિક્ષકોના ટીમવર્કથી આ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયેલ હતું.

### 'નિદાન કેમ્પ'

શાળામાં તા. ૨૨-૧૦ ના રોજ શાળાના તમામ વિદ્યાર્થીઓના શારીરિક સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી **મેડિકલ ચેકઅપ** માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મેડિકલ ઓફિસર શ્રી શકિતસિંહ ગોહિલ, ભીલવાડ-તમામ વર્ગના વિદ્યાર્થીઓને તપાસ કરીને તેમના વજન અને ઉંચાઈની નોંધ પણ લીધી. કોઈ બાળકને થોડી ઘણી ખામી માટે દવા આપી અને વધારે જણાયું તેમને ભાવનગર સર.ટી. હોસ્પિટલે



બતાવવા જણાવ્યું. આ કેમ્પમાં શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે અને સમગ્ર શિક્ષકોના ટીમવર્કથી આ કાર્ય ઉત્તમ રીતે પૂર્ણ થયું.

# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા

### અતિ ગૌરવ



શ્રી કિરણભાઈ એમ. ગાંધી, શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળાના સદસ્ય ઝોનલ રેલ્વે યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટી (ZRUCC) (વેસ્ટર્ન રેલ્વે-મુંબઈ) માં મેમ્બર તરીકે વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૬ માટે નિયુકિત કરવામાં આવી છે. રેલ્વે સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે તેઓ અગત્યનો ભાગ ભજવશે, સંસ્થા પરિવાર તેમને અભિનંદન પાઠવે છે.

### શુભેચ્છા મુલાકાત

પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર શ્રી અશોકકુમાર મિશ્રા મુંબઈથી ભાવનગર રેલ્વે ડીવીવઝનના નિરીક્ષણ માટે સ્પેશિયલ ટ્રેન મારફતે ભાવનગરની મુલાકાતે સપરિવાર આવ્યાં હતાં.

બહેરાં-મૂંગા શાળાના માનદ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયાએ તેઓની શુભેચ્છા મુલાકાત લઈ પરિવારજનો શ્રીમતી ક્ષમા મિશ્રા (પ્રમુખ વેસ્ટર્ન રેલ્વે વુમન્સ વેલ્ફેર સોસાયટી) અને દીકરી શ્રી હર્ષિ મિશ્રાને બહેરાં-મૂંગા બાળકો નિર્મીત ક્રાફટ આઈટમ આપી, સંસ્થાની મુલાકાત માટે આમંત્રણ આપી શુભેચ્છા પાઠવી હતી. શ્રીમતી ક્ષમા મિશ્રાએ ખુશી વ્યકત કરી સંસ્થા દ્વારા ચાલતી પ્રવૃત્તિઓ વિશે જાણકારી મેળવી હતી.

### વિદાય શુભેચ્છા સમારંભ

પ્રાથમિક શાળામાં સેવા નિવૃત્ત થતા બે કર્મઠ કર્મવીરોનો તા. ૨૪-૧૧ ના રોજ સંસ્થાના મહાવીર ઓડિટોરીયમમાં શુભેચ્છા સમારંભ ગોઠવવામાં આવ્યો હતો. આ વિદાય સમારંભમાં જેમનો વિદાય સમારંભ છે તે શ્રી અશોકભાઈ ખાટસુરિયા અને શ્રી સેજલબેન મહેતા, તેમજ સંસ્થાના સ્થાપક શ્રી બાબાભાઈ, શ્રી અશ્વિનભાઈ, શ્રી અમીતભાઈ, શ્રી પારસભાઈ, શ્રી મહાસુખભાઈ, શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા, શ્રી શૈલેષભાઈ દવે, શ્રી ધવલભાઈ, શ્રી જીતુભાઈ વગેરે મહાનુભાવોની હાજરી પ્રોત્સાહક રહી હતી.

વિદાય સમારંભમાં બંને કર્મવીરો સાથે કામ કરતા કર્મવીરોએ પોતાના સંસ્મરણો વાગોળ્યાં હતાં. તેમજ બંનેમાંથી શું શિખવા મળ્યું ? તેના વિશેની વાત જણાવી હતી. તેમજ વિદાય લઈ રહેલ બંને કર્મવીરોએ પોતાના સારા-નરસા પ્રસંગોમાં સંસ્થા તરફથી મળેલ હૂંફ, લાગણી અને સહકાર તેઓને સતત કામ કરવા પ્રેરણા આપતી રહી, તેવી વાત તેના વકતવ્યમાં જણાવી હતી.

બંને કર્મવીરોનું સંસ્થાના જુદા-જુદા વિભાગો વતી અભિવાદન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી પ્રિતીબેને કર્યું હતું. અંતમાં અલ્પાહાર લઈ સૌ છૂટા પડયાં હતાં.


## શ્રીમતી વિમળાલક્ષ્મી રમણલાલ ઓ. સંઘવી સ્ટાફ વેલફેર કોર્પસ ફંડ

આ ફંડ સંસ્થાના જરૂરિયાતમંદ કર્મચારીઓના કલ્યાણ હેતુ તેમને કારમી મોંઘવારીમાં રાહતદરે અનાજ તથા જીવન જરૂરિયાતની વસ્તુ મળી રહે તે હેતુથી આ ફંડ ઉભું કરવામાં આવ્યું છે. દિપોત્સવીના તહેવારમાં ૬૩ લાભાર્થીઓના કુટુંબ પણ સારી રીતે દિવાળી જેવો તહેવાર ઉજવી શકે તે માટે દરેક લાભાર્થી કર્મચારીઓને રવો ૧ કિ., મેંદો ૧ કિ., બેસન ૧ કિ., પૌઆ ૧ કિ., ચોળાફળી, મઠિયા, ફાફડા, બધાના ૧-૧ પેકેટ, ૫ અ મધુર ખાંડ, ૨ કિ. શીંગતેલ, સોનપાપડી ૧ પેકેટ, ચકરી ૧ પેકેટ, રંગોળી, દિવડા, તોરણ, ગણપતિ, લાભ-શુભ, સ્વસ્તિક, પગલા તથા દરેકને ૧ જોડી નવા કપડાં આ ફંડમાંથી આપેલ છે. આ અંગેની તમામ કામગીરી સંસ્થાના વેલફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદીએ કરેલ હતી.

## શ્રીમતી રશ્મિ-મનહર સહાય નિધિ કોર્પસ ફંડ

આર્થિક રીતે નબળા બધિર વ્યક્તિ/કુટુંબોને પોતાનું અને પોતાના કુટુંબને નિભાવી શકે તેની સહાય માટે શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં ચાલતી **શ્રીમતી રશ્મિ-મનહર સહાય નિધિ કોર્પસ ફંડ** ના લાભાર્થીઓ સારી રીતે દિવાળી ઉત્સવ ઉજવી શકે તે માટે, ૯૩ પુખ્ત બધિર લાભાર્થીઓ તથા બધિર કુટુંબના ૩૩ બાળકોને **દિવાળી ઉત્સવ કીટ** આપવામાં આવી હતી. જેમાં રવો ૧ કિ., મેંદો ૧ કિ., પૌઆ ૧ કિ., ચોળાફળી, મઠિયા, ફાફડા, બધાના ૧-૧ પેકેટ, ૫ કિ. મધુર ખાંડ, ૨ કિ. તેલ, સોનપાપડી ૧ પેકેટ, ચકરી ૧ પેકેટ, રંગોળી, દિવડા, તોરણ, ગણપતિ, લાભ-શુભ, સ્વસ્તિક, પગલાં તથા દરેકને ૨ જોડી નવા કપડાં ભાવનગર સ્થિત એક શુભેચ્છક દાતાશ્રી તરફથી આપવામાં આવેલ હતાં. ૯૩ કીટમાંથી ૫૦ ખાદ્ય સામગ્રીની કીટ મુંબઈ સ્થિત શ્રી અનિલભાઈ પી. પારેખ તરફથી આપવામાં આવેલ. ૪૩ કીટ પુખ્ત બધિર લાભાર્થીઓ તથા ૩૩ બધિર કુટુંબના ૩૩ બાળકોને પણ ખાદ્ય સામગ્રીની કીટ જેમાં રવો ૫૦૦ ગ્રામ, મેંદો ૫૦૦ ગ્રામ, બેસન ૫૦૦ ગ્રામ, ખાંડ ૨ કિ., તેલ ૧ કિ., સરબત ૧ કિ., ચોકલેટ ૧ પેકેટ તથા દરેક બાળકોને ૧ જોડી કપડાં ભાવનગર સ્થિત ઈનર વ્હીલ કલબ ઓફ ભાવનગર તરફથી આપવામાં આવેલ. શ્રી સોનલબેન તથા શ્રી પ્રણવભાઈ મહેતા તરફથી દિવાળી ઉત્સવ કીટ આપવામાં આવેલ છે તથા ડો. શ્રી કિશોરભાઈ શેઠ તથા શ્રીમતી જાગૃતિબેન કિશોરભાઈ શેઠ તરફથી દરેક લાભાર્થીઓને મોહનથાળ ૫૦૦ ગ્રામ અને ગાંઠિયા, ચવાણું તથા ચાટપુરીના પેકેટ આપવામાં આવેલ છે. તમામ દાતાઓનો સંપર્ક, ડોનેશન લેવા તથા તેની યોગ્ય વિતરણની કામગીરી સંસ્થાના વેલફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદીએ કરેલ હતી.

## પી.આર.વી. વર્કશોપ



✍ અશ્વિન જી. પંડ્યા (ચેરમેન)



આ ઓકટોબર માસમાં અહિં ભાવનગરમાં સ્થાનિક કક્ષાએ કુલ ૬૮ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાં લાભાર્થીઓને આશરે ૭૭ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, અડધા પગ-૩, ઓર્થોશૂઝ-૧, ની-બ્રેસ-૧૭, હેન્ડ સ્પીલન્ટ-૨, સ્પાઈનલ ઓર્થોસિસ-૩, અન્ય-૩૧, કેલિપર-૭, એ.એફ.ઓ.-૮, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૩ એમ કુલ ૭૭ સાધનો આપવામાં આવ્યાં હતાં.

માહે ઓકટોબર માસમાં સંસ્થામાં ગત માસે કૃત્રિમ હાથ પગના ૪ કેમ્પ તા. ૨૬-૯ થી ૩૦-૯ દરમ્યાન બિલાસપુર મુકામે યોજાયેલ. જેમાં ૧૩૯ લાભાર્થીઓને ૧૫૯ સાધનો પૂરાં પાડેલ હતાં અને તા. ૨-૧૦ લોકલ કેમ્પ જેમાં ૧૭ લાભાર્થીઓને ૧૯ સાધનો પુરા પાડેલ. તા. ૬ થી ૧૦ દરમ્યાન પોરબંદર મુકામે ૬૭ લાભાર્થીઓને ૮૪ સાધનો પૂરાં પાડેલ તથા તા. ૧૬ થી ૨૦ દરમ્યાન રાજકોટ મુકામે ૬૦ લાભાર્થીઓને ૬૩ સાધનો પૂરાં પાડવામાં આવેલ હતાં.

માહે ઓકટોબર માસમાં ની-બ્રેસના કેમ્પ બેંગ્લોર તથા શીરસી મુકામે યોજાયેલ. જેમાં ૩૦ લાભાર્થીઓને ૬૦ ની-બ્રેસ પુરી પાડવામાં આવી હતી.

## એક બહેરી-મૂંગી મહિલાની અસાધારણ પ્રતિભા : માધુરી પારેખ

સમગ્ર ગુજરાતમાં નવરાત્રિના ગરબા થઈ રહ્યાં છે, ત્યારે જન્મથી જ એક સાવ બહેરી-મૂંગી અને ૪૦ વર્ષની વયની મહિલા વડોદરામાં નવરાત્રિના ગરબા મહોત્સવમાં આશ્ચર્ય થાય એ રીતે ગરબા-દાંડિયા લઈ રહી છે નામ છે. ભૂમિકા-માધુરી પારેખ. માધુરી સરસ રીતે બીજા ખૈલેયાઓને જોઈને એ રીતે ગરબા લેતી હોય ત્યારે અર્ધા તાલ કે માત્રાનો ફેર નથી પડતો અને બીજી સમધારણ મહિલાઓની જેમ જ ગરબા લઈ રહી છે, એ ગરબા લઈ રહી હોય ત્યારે તેવું જરાપણ લાગતું નથી કે તે બહેરી-મૂંગી મહિલા છે. ગરબા-દાંડિયાની વિધિવત્ તાલીમ પણ તેણે લીધી નથી, પણ બીજા લોકોને ગરબા જોઈને તેણે આ શીખી લીધું. **લર્નિંગ બાયસેલ્ફ** કહેવાય એ રીતે તેણે ગરબા લેવાનું શીખી લીધું. સારા ગરબા લેતી મહિલા તરીકે ઈનામો પણ મેળવ્યાં છે. તેના પરિવારમાં પણ એક સોહામણી મહિલા તરીકે તેની પ્રતિષ્ઠા છે, અતિશય શક્તિ ધરાવતી આ મહિલા મોડી રાત સુધી ગરબા લઈ શકે છે. વડોદરાની સુખ્યાત ખેલૈયા **દાંડિયા કિંગ** ગ્રુપની એ વર્ષોથી સભ્ય રહી છે. ભૂમિકા-માધુરી પારેખની આજે ઘણી જ બોલબાલા છે. જેને ડિફરન્ટલી એબલ્ડ મહિલા કહેવાય તેવી આ અસાધારણ મહિલા ભૂમિકા-માધુરી પારેખ છે. માધુરીના પતિ ફેનિલ પણ વર્ષોથી આ ગ્રુપ સાથે સંકળાયેલા છે.

**સંવાહક : પીયૂષ મુકુન્દ પારાશર્ય**

M. 9825187007

# શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ ડેફ સંચાલિત શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજ



ડો. ધવલ વ્યાસ

## ભારતીય સાંકેતિક ભાષા શીખતા કોલેજના તાલીમાર્થીઓ



સંસ્થાની શ્રીમતી મહાલક્ષ્મીબેન જગન્નાથ એ. મહેતા શ્રવણમંદ બાળકોની માધ્યમિક શાળાના વિશિષ્ટ શિક્ષક શ્રી વીરેન્દ્રસિંહ ગોહિલ દ્વારા દર શનિવારે એક કલાક માટે કોલેજના તાલીમાર્થીઓને **ભારતીય સાંકેતિક ભાષા** શીખવવામાં આવે છે, શબ્દ સ્તરથી વાક્ય સ્તર સુધી ભારતીય સાંકેતિક ભાષા શીખીને, તમામ તાલીમાર્થીઓ શ્રવણમંદ વિદ્યાર્થીઓના વર્ગખંડોમાં તેમના અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન તેનો ઉપયોગ કરવાનો લાભ મેળવી રહ્યાં છે.

## 'લાઈફ સ્ટાઈલ ડિસઓર્ડર' પરના સેમિનારમાં ભાગ લીધો




સંસ્થાની આયુર્વેદ નિષ્ણાત ડો. માધવી પટેલે તા. ૩૦-૯ ના રોજ **'લાઈફ સ્ટાઈલ ડિસઓર્ડર'** પર વ્યાખ્યાન આપ્યું હતું. તેણીએ પંચકર્મ, બસ્તી, કપીંગ શિરોધારા, નસ્ય વગેરે જેવી વિવિધ ઉપચાર પધ્ધતિઓ સમજાવી હતી. તેમણે આધુનિક યુગમાં દરેક માનવીની બદલાયેલી જીવનશૈલીથી થતા નુકસાન વિશે 'લાઈફ સ્ટાઈલ ડિસઓર્ડર' વિષય પર માહિતી આપી હતી અને જો તે જીવનશૈલીમાં પરિવર્તન આવે તો માનવીના જીવનમાં રોગો આવે છે, તો માનવીએ પોતાના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને તેની જીવનશૈલી બદલવી જોઈએ. વ્યાખ્યાનના અંતે, શ્રોતાઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોનું, નિષ્ણાત દ્વારા નિરાકરણ આપવામાં આવ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, સંસ્થાના તમામ વિભાગોના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ અને કોલેજના તાલીમાર્થીઓ-કર્મચારીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## કોલેજ નેશનલ ટોપર્સના NBER-RCI ના કોન્વોકેશનમાં વર્ચ્યુઅલ રીતે સહભાગી બની

NBER-RCI દ્વારા તા. ૧૦-૧૦ ના રોજ નવી દિલ્હી ખાતે **નેશનલ ટોપર્સ એવોર્ડ-કોન્વોકેશન** કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તે દિવસે કોલેજના તાલીમાર્થીઓ અને સ્ટાફે આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલ રીતે ભાગ લીધો હતો. NBER-RCI દ્વારા સંચાલિત તમામ ડિપ્લોમા અને પ્રમાણપત્ર કક્ષાના અભ્યાસક્રમોમાંથી તમામ રાષ્ટ્રીય ટોપર્સને પ્રમાણપત્રો અને ચંદ્રકો આપી સન્માનિત કર્યાં હતાં. આ કોલેજના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ બતાવવામાં આવ્યું હતું અને કોલેજના સ્ટાફે પણ આ કાર્યક્રમ નિહાળ્યો હતો.

## તાલીમાર્થીઓએ ઈયર મોલ્ડ બનાવવાનું પ્રાયોગિક કાર્ય નિહાળ્યું

B.Ed. Spl. Ed. (HI) અભ્યાસક્રમના પ્રાયોગિક કાર્ય તરીકે તાલીમાર્થીઓએ તા. ૪-૧૦ ના રોજ સંસ્થાના શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાના વિશિષ્ટ શિક્ષક શ્રી ગજાનંદભાઈ ભટ્ટ દ્વારા આયોજિત, કાનના મોલ્ડ બનાવવાની પ્રક્રિયા અને કાનની છાપ લેવા વિશેનું પ્રેક્ટિકલ ડેમોસ્ટ્રેશન નિહાળ્યું હતું. તાલીમાર્થીઓ માટે કાનના મોલ્ડ વિશે સ્પષ્ટ સમજણ આપવા માટે આ ખૂબ જ ઉપયોગી પ્રાયોગિક કાર્ય બની રહ્યું હતું. તાલીમાર્થીઓને તેમના પ્રાયોગિક કાર્ય પૂર્ણ કરવા માટે પણ આ ડેમોસ્ટ્રેશન લાભદાયી નિવડયું હતું.

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત,

# શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ

## શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનીક

✍ સૂર્યકાંત ચાવડા



**ઓક્ટોબર-'૨૪ દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| DEPARTMENT | No.Of Patients |
|---|---|
| EYE DEPARTMENT | |
| OPD | 149 |
| Cataract Surgeries - Free | 03 |
| Cataract Surgeries - Paid | 00 |
| EYE Retina | 00 |
| ENT DEPARTMENT | |
| OPD | 463 |
| OPERATION - PAID | 01 |
| MINOR PROCEDURE | 97 |
| DENTAL DEPARTMENT | |
| OPD | 103 |
| PROCEDURE | 101 |
| MATERNITY | |
| OPD | 00 |
| DELIVERY | 00 |
| OPERATION | 00 |

| DEPARTMENT | No.Of Patients |
|---|---|
| PSYCHIATRIC (M.D.) | 31 |
| ORTHOPEDIC DEPARTMENT | 44 |
| CHEST PHYSICIAN | 04 |
| PHYSIOTHERAPY | 25 |
| GENERAL OPD | 178 |
| PSYCHIA TRIC | 24 |
| PEDIATRIC | 45 |
| SKIN DEPARTMENT | 155 |
| X-RAY DEPARTMENT | 28 |
| LABORATORY PATIENT | 141 |
| LABORATORY TEST | 333 |
| SONOGRAPHY | 24 |
| CAMP | 04 |
| PATIENT | 13 |
| SHAMJI MAVJI RELIEF | 03 |

## પ્રભુકૃપા નેત્રયજ્ઞ

શિશુવિહાર અને શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે તા. ૨૫-૯ થી ૬-૧૦ ના રોજ **પ્રભાકૃપા નેત્રયજ્ઞ કેમ્પ** સવારે ૯ થી ૧૧ યોજાયો હતો.

જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી ભાવનગરના સહયોગથી શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ, ભાવનગર તરફથી આ યજ્ઞમાં ડો. ધ્રુવિલભાઈ નાયક અને ડો. હર્ષાબેન મહેશ્વરી દ્વારા ૪૮ દર્દીઓની વિનામૂલ્યે આંખની તપાસ કરી, જરૂરિયાતમંદને આંખના ડ્રોપ્સ આપ્યાં, તેમજ અદ્યતન ફેકો મશીન દ્વારા ટાંકા વગર મોતિયાના ઓપરેશન કરી,



નેત્રમણી મૂકવા લોઢાવાળા હોસ્પિટલ ખાતે આવવા જણાવવામાં આવેલ છે.

# અભિપ્રાય

'દિવ્યાંગો ઉજાળે છે અનેકની દિવાળી' ટાઈટલ સાથેનું નવેમ્બર-૨૪નું "કોશિશ થી કામયાબી" મેગેઝિન ખૂબજ પ્રેરણાદાયી અને સમાજને નવો રાહ ચિંધાડનાર છે, તેમાં પણ પેઈઝ નંબર ૪ અને ૫ ઉપરના લેખ ખૂબ ખૂબ પ્રેરણાદાયી છે. આપની સંસ્થાનો સેવાનો સમિયાણો - વિશાળ બને તેવી શુભ કામના.

**- કાળુભાઈ દવે**

**સિનીયર પત્રકાર, ભાવનગર.**

# 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા



✍ નેહલ ગઢવી

## સ્વરૂચિ ભોજન



શાળાના ગર્વેમેન્ટ સ્ટાફ દ્વારા તા. ૨૩-૧૦ ના રોજ શાળાના ટ્રસ્ટીશ્રીઓ, બાળકો, સ્ટાફ તથા રીક્ષા ચાલક ભાઈઓને **સ્વરૂચિ ભોજન** કરાવવામાં આવ્યું હતું.

## ફટાકડા - મીઠાઈ વિતરણ



દિપાવલી પર્વ નિમીત્તે, દર વર્ષની માફક આ વર્ષે પણ શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને શ્રી જીતુભાઈ ફટાકડાવાળા, શ્રી નિમેષભાઈ દેસાઈ તથા શ્રી પરાગભાઈ મણિયાર તરફથી ફટાકડા આપવામાં આવ્યાં હતાં. તેમજ શાળાના શિક્ષક શ્રી નેહલબેન ગઢવી તથા શ્રી ભાવિષાબેન પારેખના પ્રયત્નોથી શુભેચ્છકો દ્વારા **મીઠાઈ તથા ફરસાણ** આપવામાં આવેલ. ફટાકડા તથા મીઠાઈ મેળવી બાળકો અતિ આનંદિત થયેલ. આ વિતરણ અંગેની કામગિરી ડો. ભાવનાબેન અંધારિયા, શ્રી ક્રિષ્નાબેન રૂપેરા તથા શ્રી ભાવિષાબેન પારેખે ખૂબ જ સરસ સંભાળેલ અને આ સમગ્ર વ્યવસ્થાનું સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ કરેલ.

## અનાજ કીટ વિતરણ કાર્યક્રમ




શાળામાં તાલીમ મેળવતા અતિ ગરીબ અને જરૂરિયાતવાળા બાળકો તથા શાળાના વર્ગ-૪ના સેવક ભાઈઓ-બહેનોને સંસ્થા તરફથી **અનાજ કીટ** આપવામાં આવી હતી.

## સાદ પ્રતિસાદ - ૨૦૨૪

તા. ૮-૧૧ થી ૧૦-૧૧ દરમ્યાન સુરતના ઉમિયાધામ ખાતે, **અનામ પ્રેમ** સંસ્થા દ્વારા આયોજિત **સાદ પ્રતિસાદ - ૨૦૨૪** ના કાર્યક્રમમાં, શાળાના ૯ બાળકો તથા શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલ, શ્રી પારસભાઈ પરમાર, શ્રી પ્રજ્ઞાબેન ચૌહાણ, શ્રી મોનાલીબેન ઉપાધ્યાય જોડાયા હતાં.

આ કાર્યક્રમમાં બાળકોએ ડ્રામા, મેમરી ગેમ, ડ્રોઈંગ કોમ્પિટીશન, કલે વર્કશોપ અને બેસ્ટ, આઉટ ઓફ વેસ્ટ જેવી વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો, તેમજ બાળકોને સરથાણ, સુરત ખાતેના ઝૂઓલોજિકલ ગાર્ડનની મુલાકાત કરાવવામાં આવી હતી. આયોજક અનામ પ્રેમ સંસ્થા દ્વારા દરેક બાળકોને પાર્ટિસિપેટ સર્ટિફીકેટ તથા શાળાને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

# શ્રી ડી. કે. અજમેરા ફાઉન્ડેશન, શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી "ભાનુવાડી" વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

## દિપાવલી પ્રોજેક્ટ / એક્ઝીબિશન કમ સેલ



દિપાવલી પર્વ નિમિતે શાળા સંચાલિત ભાનુવાડી વોકેશનલ ટ્રેઈનિંગ સેન્ટરમાં, મંદબુધ્ધિ બાળકો દ્વારા બનાવવામાં આવેલ ટી-લાઈટ, કલરફુલ રંગોળીઓ, તોરણ, ટોડલિયા, બટવા, બાજોટ, રૂમાલ, ડેકોરેટિવ દીવડા તેમજ અન્ય વસ્તુઓનું અમેરિકા, કેનેડા, બ્રિટન જેવા દેશોમાં તથા ભારતના મુંબઈ, કાનપુર, બેંગ્લોર, કોલકત્તા તથા ગુજરાતના વિવિધ શહેરોમાં ઓનલાઈન વેચાણ કરવામાં આવ્યું હતું તથા સ્થાનિક કક્ષાએ ઈસ્કોન કલબ ખાતે તા. ૧૯, ૨૦ ઓકટોબર દરમિયાન શ્રી અંબિકાબેન ટેકરીવાલ દ્વારા આયોજિત **દિપાવલી કાર્નિવલ** તથા તા. ૧૮,૧૯ ઓકટોબર જી. કે. પારેખ આયોજિત એકઝીબિશનમાં ભાવેણાવાસીઓએ મંદબુધ્ધિ બાળકો દ્વારા બનાવવામાં આવેલ વિવિધ વસ્તુઓ ખરીદી, બાળકોને પ્રોત્સાહિત કરી સુંદર પ્રતિસાદ આપેલ.

આ વેચાણમાંથી થતા નફાની રકમ મંદબુધ્ધિ બાળકોને આપવામાં આવી હતી. આ સમગ્ર પ્રોજેકટને સફળ બનાવવા વોકેશનલ વિભાગના હેડ શ્રી નેહલબેન ગઢવી તથા તેમની સમગ્ર ટીમ દ્વારા સરાહનીય પ્રયત્ન કરવામાં આવ્યાં હતાં.

# 1 થી 30 નવેમ્બર સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

### PNR SHAH SOCIETY
### (80-G) Dt. 31-10-24 to 30-11-2024

| Doner Name | Amount (Rs) |
|---|---|
| • Shri Gita Satish Bajaria - Mumbai | 25,000 |
| • Shri Satish Bajaria - Mumbai | 25,000 |
| • Shri Rameshbhai U. Ajmera - Mumbai | 12,91,000 |
| • Shri Sadiqalibhai I. Laxmidhar - Rajkot | 11,000 |
| • Shri Rasilaben Hasmukhlal Bapulal Shah - Mumbai | 27,000 |
| • Shri Mrudulaben J. Mehta - Bhavnagar | 51,000 |
| • Shri Harsha Sheth - Mumbai | 5,000 |
| • Shri Hetal Apurva Foundation - Mumbai | 5,000 |
| • Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| • Shri Harish C. Mehta - Mumbai | 5,000 |
| • Shri Hemlataben A. Doshi - Rajkot | 2,500 |
| • Shri Maheshbhai Anantrai Raval - Bhavnagar | 11,000 |
| • Shri Yash B. Bhatt - Ahmedabad | 2,000 |
| • Shri Babubhai Naranji Joshi - Mumbai | 25,000 |
| • Shri Pratibhaben Babubhai Joshi - Mumbai | 25,000 |
| • Shri Niruben Virendra Sanghvi Charitable Trust - Mumbai | 10,000 |
| • M/S. Excel International - Mumbai | 25,000 |
| • Shri Urmilaben Hempradipbhai Joshi - Bhavnagar | 25,000 |

### K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| Doner Name | Amount (Rs) |
|---|---|
| • Shri Meenaben Ghanshyambhai Upadhyay- Vadodara | 5,000 |
| • Shri S And S Export - Mumbai | 7,000 |
| • Shri Mahuva Refinery - Bhavnagar | 1,500 |
| • Shri Jasumatiben Chimanlal Vasa - Mumbai | 10,000 |
| • Shri Inner Wheel Club Trust, Bhavnagar - Bhavnagar | 80,608 |
| • Shri Industrial Inspection Services Pvt. Ltd. - Mumbai | 15,000 |
| • Shri Mangal Keshav Foundation Mumbai - Mumbai | 50,000 |
| • Late Harshadbhai Dalichand Diora - Bhavnagar | 7,000 |

- Shri Mrudulaben Jitendrabhai Mehta - Mumbai 51,000
- Shri Mrudulaben Jitendrabhai Mehta - Mumbai 21,000
- Shri Masuma Sadiqali Laxmidhar - Rajkot 11,000
- Shri Dharmadeepsinh P. Jadeja - Bhavnagar 1,100
- Shri Mukesh Oza - Mumbai 50,000
- Shri Rajeev Kumar Kapadia - Mumbai 50,000
- Shri Santoshbhai G. Kamdar - Bhavnagar 40,000
- Shri Sureshbhai Shah (Khambhat Parivar) - Khambhat 5,400
- Shri Kirti Kumar Girdharlal Shah - Mumbai 15,000
- Shri Anil P. Parekh - Mumbai 25,000
- Shri Jay Adinath Bhakti Group - Bhavnagar 6,000
- Shri Vishva Narendrabhai Jethava - Bhavnagar 2,200
- Shri Shardaben Niranjanbhai Shah - Bhavnagar 6,000
- Shri Varsha Rajoo Shah - Mumbai 40,000
- Shri Glassfibre And Allied Industries - Mumbai 40,000

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| Doner Name | Amount (Rs) |
|---|---|
| Shri Vikram Zaveri - Mumbai | 2,44,000 |
| Shri Chetan Kishor Shah - Mumbai | 1,11,111 |
| Shri Geetaben Ashokkumar Trivedi - Bhavnagar | 60,000 |
| Shri Preeti Paresh Shah - Mumbai | 51,000 |
| SOL Mobile Private Limited - Mumbai | 51,000 |
| Shri Priti Kinner Shah - Rajkot | 33,930 |
| Shri Pravinchandra Mehta - Vadodara | 25,000 |
| Shri Varshaben Rajoo Shah - Mumbai | 22,000 |
| Shri Jitendra Babubhai Sanghavi - Mumbai | 21,000 |
| Shri Bharatiben Suryakant Shah - Vadodara | 20,000 |
| Shri Kumudchandra Nandlal Doshi - Bhavnagar | 15,000 |
| Shri Ashish A. Mistry - Bhavnagar | 11,000 |
| Glassfiber And Allied Industries - Mumbai | 10,000 |
| Shri Homi Jehangir Mehta - Mumbai | 10,000 |
| Shri Keyur Shirish Marfatia Mrs. Neepa K. Martatia - Mumbai | 10,000 |
| Shri Niranjana A. Khatri - Mumbai | 10,000 |
| Shri Narendra Raichand Gandhi - Mumbai | 7,580 |
| Shri Meghnaben Baxi - Mumbai | 5,001 |
| Shri Ashaben Jayeshkumar Dave - Gandhinagar | 5,000 |
| Shri Dhiren C. Mehta - Mumbai | 5,000 |
| Shri Nehalben R. Gadhavi - Bhavnagar | 5,000 |
| Shri Nilesh Hiralal Rajai - Bhavnagar | 2,551 |
| Shri Vikram Ramniklal Parekh - Vadodara | 2,501 |
| Shri Dhavalkumar N. Patel - Mehsana | 2,500 |
| Shri Harshadbhai Dalichandbhai Diora - Bhavnagar | 2,500 |
| Shri Heli Hetukbhai Upadhyay - Rajkot | 2,500 |
| Shri Shiraz Sadruddin Lalani - Mumbai | 2,222 |
| Shri Linaben Rameshkumar Vaghela - Talaja | 2,200 |
| Shri Amishaben Raval - Surat | 2,002 |
| Shri Alpaben T. Parikh- Sihor | 2,000 |
| Shri Dharit T. Parikh - Sihor | 2,000 |
| Shri Tusharbhai C. Parikh - Sihor | 2,000 |
| Shri Tusharbhai Parikh HUF - Sihor | 2,000 |
| Shri Vrunda T. Parikh - Sihor | 2,000 |
| Shri Anil H. Patel - Mumbai | 1,500 |
| Shri Pravin Parekh - Mumbai | 1,500 |
| Shri Dashrath Patel - Ahmedabad | 1,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH V. C. Lodhawala & Pratapbhai Parekh Ployclinic

| Doner Name | Amount (Rs) |
|---|---|
| Shri Nilesh Enterprise - Mumbai | 5,000 |
| M/S. Medinex Labo Ratories Pvt. Ltd - Ukharla | 1,00,000 |
| Shri Vamanrai Vrajlal Parekh - Mumbai | 1,00,000 |
| Shri Parulben Chhaganlal Mehta - Mumbai | 11,000 |

# PNR તસ્વીર સમાચાર



અગ્રવાલ હોલમાં દિવ્યાંગો નિર્મિત વસ્તુઓનું પ્રદર્શન કમ વેચાણ...




સી.પી. સ્કૂલની અર્ધ વાર્ષિક વાલી મિટીંગમાં મિઠાઈ વિતરણ...



સી.પી. ડિપાર્ટમેન્ટ જનરલ મિટીંગ...



હાઈટેક સ્કૂલના બાળકો દ્વારા 'જાગો ગ્રાહક' અંતર્ગત નાટક





'સાદ પ્રતિસાદ' માં 'અંકુર'ના વિજેતાઓ...



વી.સી. લોઢાવાળા આયોજિત નેત્ર નિદાન કેમ્પ...

Koshish Thi kamyabi | RNI No. GujGuj/2013/48176 | Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 | Monthly Date Of Publication : 15 December 2024 | Posted at 20th of every month at BHAV.RMS | Subscription Rs. 150 Per Year (12 Issue) | Total Page : 20




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001. Tel. : 91 - 22 - 22614505 / 06 / 07
E-mail : feedback@hindustanpencils.com